દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૧૨ એપ્રિલ, ૨૦૨૬

# એપ્રિલની શરુઆતમાં જ તાપમાન 40 ડિગ્રીની નજીક પહોંચી જાય તે સ્થિતિ ગંભીર છે

હજી તો એપ્રિલ મહિનાની શરુઆત થઇ છે ત્યારે જ મે મહિના જેટલી ગરમી પડવા લાગી છે. આ સ્થિતિ માનવજીવન માટે સારી નથી. આ પરિસ્થિતિ પર અત્યારથી જ કાબૂ મેળવવવાનો પ્રયાસ કરવો જોઇએ જેથી આવનારા સમયમાં તેનાથી ભાવિ પેઢીને બચાવી શકાય. થોડા વર્ષ પહેલા એરિઝોના યુનિવર્સિટીના સંશોધકોએ તૈયાર કરેલો ક્લાઈમેટ ચેન્જને લગતો અહેવાલ વિખ્યાત નેચર જનરલમાં પ્રસિદ્ધ થયો હતો. નવી પદ્ધતિથી થયેલા અભ્યાસમાં જણાયું હતું કે છેલ્લાં ૧૫૦ વર્ષમાં ગ્લોબલ વોર્મિંગ વધ્યું છે એટલું છેલ્લાં ૨૪ હજાર વર્ષમાં પણ વધ્યું નથી. ક્લાઈમેટની દૃષ્ટિએ આ તબક્કો ખૂબ જ જોખમી હોવાનું સંશોધકોએ કહ્યું હતું.એરિઝોના યુનિવર્સિટીના સંશોધકોએ વિવિધ સેમ્પલના આધારે છેલ્લાં હિમયુગથી લઈને અત્યાર સુધીના તાપમાનનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. સમુદ્રમાંથી મળેલા સજીવોના અવશેષો પર જે તે વખતે થયેલી તાપમાનની અસરોનું વિશ્લેષણ કર્યા બાદ અને તેનો કમ્પ્યુટર મેથડમાં અભ્યાસ કર્યા બાદ તારણ આપ્યું હતું કે છેલ્લાં હિમયુગ પછી પહેલી વખત આટલું તાપમાન વધ્યું છે. પ્રોફેસર જેસિકા ટેર્નીએ કહ્યું હતું કે માનવ સર્જિત ગતિવિધિના કારણે છેલ્લાં ૧૫૦ વર્ષથી પૃથ્વીનું તાપમાન વધ્યું છે. આટલું તાપમાન છેલ્લાં ૨૪૦૦૦ વર્ષથી વધ્યુ ન હતું. તાપમાનનો વધારો કુદરતી કારણોસર ૧૦ હજાર વર્ષ પહેલાં શરૂ થયો હતો, પરંતુ એનું પ્રમાણ ઘણું નીચું હતું અને તે ફરીથી રિકવર થઈ જતું હતું એવું પણ અહેવાલમાં કહેવાયું હતું.વિવિધ મેથડના આધારે એરિઝોના યુનિવર્સિટીના સંશોધકોએ ૨૦૦-૨૦૦ વર્ષના ગાળાના તાપમાનનો અભ્યાસ કર્યો હતો. એમાં છેલ્લાં ૨૦૦ વર્ષમાં તાપમાનમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો હતો. તેની પાછળ દેખીતા માનવ સર્જિત કારણો પણ જણાયા હતા. સંશોધકોનો અહેવાલ વિખ્યાત નેચર જર્નલમાં પ્રસિદ્ધ થયો હતો. પ્રોફેસર જેસિકા ટેર્નીએ કહ્યું હતું કે આપણે ગ્લોબલ વોર્મિંગની એ હદ વટાવી ચૂક્યા છે જેને સાધારણ કહી શકાય. હવે માનવજાત ખૂબ જ જોખમી તબક્કામાં પહોંચી ચૂકી છે. હવે ચેતવણીનો સમય પણ વીતી ચૂક્યો છે. આ સમયગાળો પૃથ્વી અને માનવજાત માટે ખૂબ જ ખતરનાક છે. ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન છેલ્લાં ૨૦૦ વર્ષમાં જેટલું વધ્યું છે એટલું અગાઉ ક્યારેય વધ્યું ન હતું. ૨૧મી સદીના બે દશકામાં ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન સતત વધી રહ્યું છે અને એના કારણે આગામી દશકામાં ગંભીર પરિણામો ભોગવવા પડશે એવું પણ તેમણે કહ્યું હતું.

આ સ્થિતિના કારણની વાત કરીએ તો ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જનપૃથ્વીના વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ , મિથેન અને નાઈટ્રસ ઓક્સાઈડ જેવા વાયુઓનું પ્રમાણ વધવાથી સૂર્યની ગરમી પૃથ્વી પર જ રોકાઈ જાય છે, જેને 'ગ્રીનહાઉસ ઈફેક્ટ' કહેવામાં આવે છે આ ઉપરાંત અશ્મિભૂત ઈંધણનો વપરાશકોલસો, પેટ્રોલ અને ડીઝલ જેવા બળતણનો ઉપયોગ વાહનો અને કારખાનાઓમાં મોટા પાયે થાય છે. આ ઈંધણના દહનથી પુષ્કળ પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં ભળે છે જ્યારે ત્રીજા અને સૌથી મહત્વના કારણની વાત કરીએ તો જંગલોનો વિનાશ (Deforestation)વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે અને ઓક્સિજન છોડે છે. વધતી વસ્તી અને શહેરીકરણને કારણે જંગલો કપાતા જાય છે, પરિણામે હવામાં કાર્બનનું પ્રમાણ વધે છે અને તાપમાનમાં વધારો થાય છે. આ ઉપરાંત ઔદ્યોગિકીકરણઉદ્યોગો અને ફેક્ટરીઓમાંથી નીકળતો ધુમાડો અને રાસાયણિક કચરો વાતાવરણને પ્રદૂષિત કરે છે. તેમાં રહેલા હાનિકારક વાયુઓ પૃથ્વીના સરેરાશ તાપમાનમાં વધારો કરે છે.ખેતી અને પશુપાલનનાઈટ્રોજનયુક્ત ખાતર: ખેતીમાં વપરાતા રાસાયણિક ખાતરો નાઈટ્રસ ઓક્સાઈડ મુક્ત કરે છે. ગાય અને ભેંસ જેવા પશુઓના પાચનતંત્ર દ્વારા મિથેન વાયુ ઉત્પન્ન થાય છે, જે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે.6. ફ્રીજ અને એસીનો વપરાશએર કંડિશનર (AC) અને રેફ્રિજરેટરમાંથી નીકળતા ક્લોરોફ્લુરોકાર્બન્સ (CFCs) ઓઝોનના પડને નુકસાન પહોંચાડે છે અને પૃથ્વીને ગરમ કરવામાં મોટો ભાગ ભજવે છે.

## અતૂટ નિર્ધાર

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક નાનકડા છોકરાની મમ્મી હોસ્પીટલમાં એકદમ બીમાર હતી. મા અને દીકરાનું દુનિયામાં બીજું કોઇ ન હતું. ડોકટરે કહ્યું, ''અમે દવા કરી છે. બસ હવે તો ભગવાન બચાવી શકશે. તે જે કરે તે સાચું ...'' નાનકડા છોકરાને માટે તેની મમ્મી જ તેની દુનિયા હતી. તે તો પોતાની પિગી બેંક લઈને દોડ્યો કે ભગવાનને લઇ આવું.

એક દુકાનમાં ગયો અને કહ્યું, ''તમારી દુકાનમાં ભગવાન મળશે. આ મારી આખી પિગી બેંક આપી દઈશ.'' દુકાનદારે તેને હસીને કહ્યું, ''અહીં નહિ મળે.'' છોકરો આખા બજારમાં એકથી બીજી દુકાન ભગવાનને લેવા માટે ફર્યો. બધાએ તેની મજાક ઉડાડી તગેડી મૂક્યો.એક ભલા દુકાનદારે કહ્યું, ''ભગવાન દુકાનમાં નહિ મળે તું મંદિરમાં જા.''

નાનકડો છોકરો દોડીને મંદિરમાં ગયો અને પુજારીને કહેવા લાગ્યો, ''આ મારા બધા પૈસા લઇ લો અને મને ભગવાન આપો...'' મંદિરના પુજારી આવી વિચિત્ર માંગણી સાંભળી ખીજાયા અને કહ્યું, ''એમ કંઇ ભગવાન મળે નહિ. ચાલ્યો જ અહીંથી....'' બરાબર તે જ સમયે એક ધનવાન શેઠ મંદિરમાં આવ્યા હતા. તેણે છોકરાને કહ્યું, ''તને ભગવાનનું શું કામ છે?'' છોકરાએ બધી વાત કરતાં કહ્યું, ''મારી મમ્મીને ભગવાન જ બચાવી શકે તેમ છે તેવું ડોક્ટરોએ કહ્યું છે એટલે જો ભગવાન મળે તો હું તેને વિનંતી કરું કે મારું દુનિયામાં મારી મમ્મી સિવાય કોઈ નથી એટલે તેને બચાવી લે. એટલે હું ભગવાનને ગોતી રહ્યો છું અને મારી પાસે આ પીગી બેન્કમાં જે કંઈ છે બધું આપી દેવા તૈયાર છું.''

ધનવાન શેઠે કહ્યું, ''લાવ, મને આપ પીગીબેંક. હું તને ભગવાન આપીશ.'' છોકરાએ આનાકાની કર્યા વગર પીગીબેંક આપી દીધી. ખાલી એટલું જ કહ્યું, ''ભગવાન આવીને મારી મમ્મીને બચાવી લેશે ને?''

શેઠે એક કાગળ પર અમુક સૂચનાઓ લખી અને પિગી બેંક લઈને કાગળ છોકરાને આપી કહ્યું, ''આ હોસ્પીટલના સૌથી મોટા ડોક્ટરને આપી દેજે.'' છોકરાએ કાગળ હોસ્પીટલના મોટા ડોક્ટરને આપ્યો, ડોકટરે કાગળ વાંચ્યો, કાગળ હોસ્પીટલના ફાઉન્ડરે પોતે હાથે લખ્યો હતો એટલે તરત મોટા ડોક્ટરોની ટીમ છોકરાની મમ્મીના ઇલાજમાં લાગી ગઈ, ઓપરેશન થઈ ગયું અને તેની મમ્મી બચી ગઈ.

બીજે દિવસે શેઠ પોતે હોસ્પીટલમાં આવ્યા અને છોકરાને અને તેની મમ્મીને મળ્યા અને કહ્યું, ''આજથી તમારા ઘરની અને આ છોકરાના ભણતરની બધી જવાબદારી મારી રહેશે.'' મમ્મીએ કહ્યું, ''તમે આટલું બધું કેમ કરો છો?'' શેઠે કહ્યું, ''આ નાનકડા છોકરાની ભગવાન તમને બચાવી લેશે ની શ્રધ્ધા અને ભગવાનને કોઇ પણ રીતે શોધવાના અતૂટ નિર્ધારને મેં જોયો છે એટલે હું આ કામ કરી રહ્યો છું.'' છોકરાને કહ્યું, ''ભગવાને કામ કરી દીધું?'' છોકરાએ કહ્યું, 'હા, મને મળ્યા નથી પણ લાગે છે કે તમે મોકલ્યા હશે એટલે જ મમ્મી બચી ગઈ અને સાજી થઈ ગઈ.'' શેઠે પિગી બેંક પાછી આપી કહ્યું, ''ભગવાને મોકલાવી છે.''

જો અતૂટ નિર્ધાર અને અખૂટ શ્રધ્ધા હોય તો ભગવાનને પણ શોધી શકાય છે.

# અમેરિકા-ઈરાન સમાધાન: આ યુદ્ધવિરામ કેટલા દિવસ ટકશે?

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

૭ એપ્રિલની રાતે અમેરિકા દ્વારા નક્કી કરાયેલ ડેડલાઈનના માત્ર એક કલાક પહેલાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાંનું અસ્થાયી સમાધાન થયું છે. શરત એક જ છે - હોર્મુઝ સ્ટ્રેટ તરત જ અને સંપૂર્ણ રીતે ખુલ્લી મૂકવી. ઈરાને પણ આનો સ્વીકાર કરીને પોતાને 'વિજયી' જાહેર કર્યું છે. પાકિસ્તાનની મધ્યસ્થીથી ઈસ્લામાબાદમાં વાતચીતનું આયોજન થયું છે. વિશ્વભરમાં રાહતની લહેર ફેલાઈ છે, તેલના ભાવ ઘટ્યા છે અને શેરબજારો ઊછળ્યાં છે. પરંતુ આ 'સમાધાન' કેટલું ટકાઉ છે? ઈતિહાસનો અનુભવ અને વર્તમાન વાસ્તવિકતાને જોતાં જવાબ સ્પષ્ટ છે - આ યુદ્ધવિરામ લાંબુ નહીં ટકે.

આ સમાધાન ૪૦ દિવસના તીવ્ર સંઘર્ષ પછી આવ્યું છે. અમેરિકા-ઈઝરાયેલના હુમલાઓથી ઈરાનની અર્થવ્યવસ્થા અને સૈન્ય તંત્રને ભારે નુકસાન થયું છે. ટ્રમ્પે કહ્યું કે ''અમારાં તમામ સૈન્ય લક્ષ્યો પૂરાં થયાં છે'' અને ઈરાનની ૧૦ મુદ્દાની યોજનાને 'કાર્યક્ષમ'ગણાવી છે. ઈરાન પણ કહે છે કે સંઘર્ષમાં તેણે અમેરિકા અને ઈઝરાયેલને પોતાની તાકાત બતાવી છે. બંને પક્ષ વિજયના ઢંઢેરા પીટી રહ્યા છે. પરંતુ આવી વિજયની ઘોષણાઓ પાછળ છુપાયેલી અસલ સમસ્યાઓ એ જ છે જે છેલ્લાં ૪૫ વર્ષથી અમેરિકા-ઈરાન સંબંધોને ઝેરી બનાવી રહી છે - પરમાણુ કાર્યક્રમ, આર્થિક પ્રતિબંધો, પ્રાદેશિક પ્રોક્સી યુદ્ધ અને ઈઝરાયેલના અસ્તિત્વની સુરક્ષા.

આ સમાધાન માત્ર બે અઠવાડિયાં પૂરતું જ છે. આટલા ટૂંકા સમયમાં કોઈ મૂળભૂત સમજૂતી શક્ય નથી. ટ્રમ્પે ૨૦૧૮માં ઓબામાના પરમાણુ કરાર (JCPOA)માંથી બહાર નીકળીને ઈરાન પર કડક પ્રતિબંધો મૂક્યા હતા. બાઈડન વહીવટે તેને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો પણ નિષ્ફળ ગયો. આજે ફરી ટ્રમ્પ જ સત્તામાં છે અને ઈરાન પણ પોતાના પરમાણુ અધિકારો છોડવા તૈયાર નથી. હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું મૂકવું એ માત્ર અસ્થાયી રાહત છે. ઈરાનનાં પ્રોક્સી જૂથો (હિઝબુલ્લાહ, હુથીઓ) હજુ પણ સક્રિય છે અને ઈઝરાયેલે સ્પષ્ટ કર્યું છે કે આ સમાધાન લેબનોનને આવરી લેતું નથી.

> **સૌથી મોટું જોખમ એ છે કે બંને પક્ષ આ બે અઠવાડિયાંનો ઉપયોગ પોતાની તાકાત વધારવા માટે કરશે. ઈરાન પોતાનો સૈન્ય સ્ટોક ફરી ભરશે, અમેરિકા અને ઈઝરાયેલ વધુ આક્રમક વ્યૂહરચના તૈયાર કરશે**

સૌથી મોટું જોખમ એ છે કે બંને પક્ષ આ બે અઠવાડિયાંનો ઉપયોગ પોતાની તાકાત વધારવા માટે કરશે. ઈરાન પોતાનો સૈન્ય સ્ટોક ફરી ભરશે, અમેરિકા અને ઈઝરાયેલ વધુ આક્રમક વ્યૂહરચના તૈયાર કરશે. નેતન્યાહુ માટે આ સમાધાન ઘરેલું સમસ્યા છે કારણ કે તેમની સરકાર ઈરાનને સંપૂર્ણપણે નબળું પાડવા માંગે છે. જો વાતચીત નિષ્ફળ જશે તો ફરી હુમલાઓ શરૂ થશે અને આ વખતે તે વધુ વિનાશકારી હશે.

વિશ્વને શાંતિની જરૂર છે, પરંતુ આવા અસ્થાયી યુદ્ધવિરામથી તે મળતી નથી. ઈતિહાસ સાક્ષી છે - ૧૯૭૯ની ઈરાની ક્રાંતિ પછી અમેરિકા અને ઈરાન વચ્ચે કોઈ પણ સમજૂતી લાંબા ગાળે ટકી નથી. આ વખતે પણ એવું જ લાગે છે. જ્યાં સુધી મૂળભૂત મુદ્દાઓ - પરમાણુ કાર્યક્રમ, પ્રાદેશિક આધિપત્ય અને વિશ્વાસની કમી - ઉકેલાતા નથી ત્યાં સુધી આ સમાધાન માત્ર યુદ્ધ વચ્ચેનું 'અલ્પવિરામ' જ રહેશે, શાંતિ નહીં.

આપણે આશા રાખીએ છીએ કે ઈસ્લામાબાદની વાતચીતમાં કોઈ અણધારી સફળતા મળે. પરંતુ વાસ્તવિકતા કહે છે - આ યુદ્ધવિરામ કેટલા દિવસ ટકશે તેનો જવાબ બે અઠવાડિયાં પછી જ મળશે અને તે જવાબ સારો હોય તેવી સંભાવના ખૂબ જ ઓછી છે.

આ સંઘર્ષનાં મૂળ એટલાં ઊંડાં છે કે માત્ર બે અઠવાડિયાંની મંત્રણા તેને ઉકેલવા માટે પૂરતી નથી. અત્યારે જે દેખાય છે તે વાસ્તવિક શાંતિ નથી, પરંતુ માત્ર એક 'વ્યૂહાત્મક વિરામ' છે, જેનો ઉપયોગ બંને પક્ષો પોતાની લશ્કરી શક્તિને પુનઃસંગઠિત કરવા માટે કરશે. ઈસ્લામાબાદની બેઠકમાં જો પરમાણુ મર્યાદાઓ અને આર્થિક પ્રતિબંધો જેવા જટિલ મુદ્દાઓ પર કોઈ નક્કર સમજૂતી નહીં સધાય, તો એપ્રિલના અંત સુધીમાં મધ્ય-પૂર્વનું આકાશ ફરી એક વાર મિસાઈલો અને વિસ્ફોટોથી ગાજી ઊઠશે. આખરે, આ યુદ્ધવિરામ શાંતિનો ઉદય છે કે આગામી મહાવિનાશ પહેલાંની શાંતિ, તેનો નિર્ણય સમય જ કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સુરત - પ્રા. સાગર અનિલભાઈ ગાંધી

## લગ્નને ટાળતી યુવા પેઢી

આપણા દેશના મેટ્રો અને મીની મેટ્રોસિટીમાં એક નવા જ પ્રકારના ટ્રેન્ડ યુવાન યુવતીઓમાં જોવા મળી રહ્યો છે અને તે છે મોટી ઉંમર સુધી કે મેરેજેબલ એઈજ પતી જાય પછી પણ લગ્ન અંગે ગંભીરતાથી વિચારવું જ નહીં. ઘણી વખત તો એવું લાગે છે કે યુવા વર્ગ લગ્નના બંધનને યેનકેન પ્રકારે ટાળી રહ્યો છે. લગ્ન નહીં કરવા મક્કમ એવા યુવાન-યુવતીઓ લગ્ન જીવનને સમયનો વ્યય સમજે છે. પોતાની સ્વતંત્રતા છીનવાઈ જવાની બીકથી આજના યુવાન યુવતીઓ લગ્ન કરવાનું ટાળે છે. એકવીસમી ટેકનોલોજીની સદીમાં યુવા વર્ગની નવી વિચારધારા એ છે કે લગ્ન અંગે શક્ય એટલો મોડો નિર્ણય લેવો અથવા નિર્ણય લેવો જ નહીં. આધુનિક યુગમાં ખૂબ મોડા એટલે કે મોટી ઉંમરે લગ્ન કરવા એ યુવાનોની માનસિકતા રહી છે. યુવાનોના મનમાં એક દ્વંદ્વ યુદ્ધ ચાલી રહ્યું હોય છે અને તે છે કરિયર પહેલા કે લગ્ન? લગ્ન વિના પણ સંપૂર્ણ જીવન જીવી શકાય છે એવી નવી વિચારસરણીનો યુવા પેઢીના મનમાં જન્મ થઈ ચૂક્યો છે. લગ્નને ટાળવાનો એક નવો જ ટ્રેન્ડ શરૂ થયો છે જેનાથી વડીલો પણ ખૂબ જ ચિંતિત છે અને નિઃસહાય પણ બની રહ્યા છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## વળતર

વળતર એટલે બદલા તરીકે મજરે અપાતી રકમ. એક પ્રકારની છૂટ, કમિશન, ડિવિડન્ટ. મુદતને અંતે કાપી આપેલું વ્યાજ. ક્યારેક નુકસાનીના બદલામાં આપવામાં આવતો બદલો. બોલચાલની ભાષામાં વેર લેવું તેને વળતર કહેવામાં આવે. હિસાબની ભાષામાં વળતરનો વધુ ઉપયોગ થાય. માર્ચ માસની અંતમાં સરકારી, અર્ધસરકારી અધિકારીઓ કે કર્મચારીઓને ક્યાંથી કેટલું વળતર મળશે તેની ખબર પડે. સરકારી ગ્રાન્ટ વાપરી નાખવામાં ન આવે તો પૈસા જતાં રહે. વેપારીઓને પણ આની જાણ હોય. વાર્ષિક હિસાબોમાં પણ વળતર-કમિશન માટેનું એક ખાતુ હોય. જો કે સરેરાશ માનવી ખરીદીના સમયે લખેલ કિંમત પર કેટલું વળતર મળશે એની પાકી ગણતરી કરે. બાળકોને મોટા કરવામાં મા-બાપ, દીકરો ભવિષ્યમાં કેટલું વળતર આપશે એવી ગણતરીથી જીવતાં હોય તો? દીકરો ઘડપણની લાકડી બને એવી અપેક્ષાઓ કંઈ ખોટી નથી. મા-બાપને એમના હિસ્સાનું સુખ મળવું જ જોઈએ. મા-બાપ અને પત્ની વચ્ચેના સંબંધોના વ્યવહારોમાં, હિસાબમાં બેલેન્સ જાળવવું જોઈએ. હિસાબમાં રોજબરોજ અને વાર્ષિક ઉપજ-ખર્ચનો હિસાબ બરોબર ન હોય તો પાકું સરવૈયું મળતું નથી. કોઈ રકમ ભૂલી જાવ તો હિસાકિતાબ કરો એટલે ભૂલ મળે. સંબંધોમાં કોઈ પણ વળતરની અપેક્ષાઓ વગર વ્યવહાર કરનાર સ્વજનનો ક્યારેય ભૂલવા ન જોઈએ. પૂજનીય વડીલોને એમનાં ભાગનું માન, સુખ આપીએ.

**નવસારી - કિશોર આર. ટંડેલ**

## આદર્શ શિક્ષક કે વિદ્યાર્થી?

આજના શિક્ષણક્ષેત્રમાં એક મહત્વનો પ્રશ્ન ઊભો થાય છે કે આદર્શ શિક્ષક જરૂરી છે કે આદર્શ વિદ્યાર્થી? વાસ્તવમાં, બંને એકબીજાના પ્રતિબિંબ છે, પરંતુ આજની પરિસ્થિતિમાં બંને તરફ ખામી સ્પષ્ટ દેખાય છે. એક તરફ શિક્ષક પર અભ્યાસક્રમ પૂર્ણ કરવાની દોડ, પ્રશાસનિક કામો અને પરિણામનો દબાણ છે, જેના કારણે શિક્ષણમાં સર્જનાત્મકતા ઘટી રહી છે. ઘણા સ્થળોએ શિક્ષક માત્ર પાઠ્યપુસ્તક પૂરતા જ સીમિત થઈ ગયા છે. બીજી તરફ, વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા અને શીખવાની તલપ ઘટતી જાય છે; તેઓ માટે શિક્ષણનો અર્થ ગુણ અને પરીક્ષા સુધી જ સીમિત થઈ ગયો છે. આ સ્થિતિમાં પ્રશ્ન એ નથી કે દોષ કોનો છે, પરંતુ એ છે કે ઉકેલ શું છે. જો શિક્ષક પ્રેરણાદાયક નહીં હોય તો વિદ્યાર્થી ઉત્સાહી નહીં બને, અને જો વિદ્યાર્થીમાં શીખવાની ઈચ્છા નહીં હોય તો શિક્ષકનું શ્રેષ્ઠ પણ નિષ્ફળ જશે. આથી સ્પષ્ટ થાય છે કે આદર્શ શિક્ષણ માટે આદર્શ શિક્ષક અને આદર્શ વિદ્યાર્થી બંને અનિવાર્ય છે. શિક્ષણ એક સહયાત્રા છે, જેમાં બંનેની સક્રિય ભાગીદારી જરૂરી છે. નહીં તો શિક્ષણ માત્ર ઔપચારિકતા બની રહેશે અને પ્રશ્ન યથાવત રહેશે "આદર્શ શિક્ષક શોધીએ કે આદર્શ વિદ્યાર્થી?"

## સ્ત્રી સુરક્ષા માટે પશ્ચિમ રેલવેએ 'સખી' WhatsApp ગ્રુપ તૈયાર કર્યું!

પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટ અને દહાણુ વચ્ચે લોકલ ટ્રેનોમાં મુસાફરી કરતી લાખો મહિલા મુસાફરો માટે સારા સમાચાર છે. જો તમને લોકલ ટ્રેનમાં મુસાફરી કરતી વખતે કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે, તો ગભરાવાની જરૂર નથી. રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)એ મહિલાઓની સુરક્ષા માટે 'સખી' નામની એક ખાસ WhatsApp પહેલ શરૂ કરી છે. ચર્ચગેટથી દહાણુ સુધીના વિસ્તારમાં કુલ 11 વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યા છે. આ ગ્રુપનું નેતૃત્વ મહિલા સબ-ઈન્સ્પેક્ટર અથવા આસિસ્ટન્ટ મહિલા સબ-ઈન્સ્પેક્ટર કરે છે. જો કોઈ મહિલા મુસાફર પુરુષો દ્વારા થતી છેડતી, ચોરી અથવા ઘૂસણખોરી અંગેનો ફોટો અને સ્ટેશનનું નામ ગ્રુપ પર પોસ્ટ કરે છે, તો આગામી એક કે બે સ્ટેશનો પર RPFના જવાનો મદદ કરવા માટે કોચમાં હાજર થશે. અત્યાર સુધીમાં, 1500 થી વધુ નિયમિત મહિલા મુસાફરો આ પહેલમાં જોડાઈ છે. RPF એ માત્ર ટેકનિકલ સહાય જ નહીં, પરંતુ પ્રત્યક્ષ કાર્યવાહી પણ કરી છે. છેલ્લા છ મહિનામાં, રેલ્વે કાયદાની કલમ 162 હેઠળ મહિલાઓના ડબ્બામાં પ્રવેશ કરનારા 6,195 પુરુષો સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘુસણખોરો પાસેથી 13,84,100 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ પહેલ રેલવે સેફ્ટી કમિશનર રજત કુંડગીરની સંકલ્પનાને આધારે અમલમાં મુકવામાં આવી રહી છે. રેલવેની '139' હેલ્પલાઈન સેવા કાર્યરત હોવા છતાં, વોટ્સએપ પર ફોટા અને લોકેશન શેર કરવાનું સરળ હોવાથી ગુનેગારોને પકડવાનું સરળ બનશે!

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

## સુરતીઓ માટે આનંદના સમાચાર

'ગુજરાતમિત્ર' અખબારમાં સુરત એરપોર્ટ પર ડ્યૂટી ફ્રી શોપના સમાચાર જોયા. ખૂબ આનંદની વાત છે કે સરકાર તેમજ એરપોર્ટ અધિકારીઓએ આ વાત ધ્યાનમાં રાખી પાસેરામાં પહેલી પૂણીની શરૂઆત કરી સુરતીઓને આનંદના સમાચાર આપ્યા. આ રીતે કાયમ લીકર શોપ ચાલુ રહે તે જોવાનું છે. પાસપોર્ટ પર આવનારા દિવસોમાં પ્રવાસીઓ લાવી શકે તે જોગવાઈ કરવી જોઈએ. હવે ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે એરપોર્ટનો રન વે કઇ રીતે વધારવો. જે તકલીફો છે તે ધ્યાનમાં રાખી આગળની કાર્યવાહી હાથ ધરવી જોઈએ. સિંગાપોરની ફ્લાઈટ ચાલુ થાય તો સુરતી શહેરીજનોની પ્રવાસ માટેની ખૂબ જ આનંદની વાત સાબિત થશે. અમુક ફ્લાઈટો બંધ થઈ છે ચિન્નાઈ, કલકત્તા, હૈદરાબાદ પણ ચાલુ થવી જોઈએ. દરેક વસ્તુની સવલતો પુરી પડવી જોઈએ. સુરતી દોહા, સિંગાપોર અને હોંગકોંગની ફ્લાઈટ શરૂ કરવા ચેમ્બરમાં પણ રજૂઆત અગાઉ થઈ ચૂકી છે. હવે તો સુરત ડાયમંડ બુર્સમાં પણ ઓફ્સોની શરૂઆત થઈ ચૂકી છે. તો તેની સાથે સાથે એરપોર્ટની વધુ ને વધુ પ્રગતિ માટે, જેમ બને તેમ. ફ્લાઈટ વધુ શરૂ થાય તેના પર ફોકસ કરવો જરૂરી છે.

**ગોપીપુરા - ચેતન અમીન**

## ઈરાન યુદ્ધની અસર

અમેરિકાના સનકી પ્રેસીડેન્ટ ટ્રમ્પને લીધે ઈરાન સાથે યુદ્ધ શરૂ થયું છે. એમને હતું કે ઈરાન વધુમાં વધુ અઠવાડિયામાં શરણે આવી જશે. પણ એવું થયું નથી અને ઈરાન જબરદસ્ત લડત આપે છે. ભારત સીધે સીધું તો એમાં શામીલ નથી. ભારતને ક્રુડ તેલ રશિયા અને બીજા સહયોગી દેશોમાંથી મળે છે એમાં મોટી કપાત થઈ છે. ભારતમાં તેલ અને એલ.પી.જી. લાવવામાં ખર્ચ ઘણો વધી ગયો છે. સરકારે ઘરેલું રાંધણ ગેસમાં બાટલા દીઠ રૂ. 60 વધારી દીધા છે. આપણા દેશમાં કોઈ પણ ચીજના ભાવ વધે એટલે એના કાળા બજાર શરૂ થઈ જાય. સીધી વાત છે ગેસ વિના કેવી રીતે ચાલે. શું ફરી લાકડાં કે કોલસાનો ઉપયોગ થાય? ઈલેક્ટ્રીક ઉપકરણો છે પણ એ ખૂબ ધીમાં છે એમ ઓચિંતી જરૂરત વધે તો ક્યાંથી બને? અત્યાર સુધીનો ઈતિહાસ કહે છે ભારતમાં એક વાર ભાવ વધ્યા પછી ઘટતા નથી. આશા રાખીએ યુધ્ધ જલદી સમાપ્ત થાય અને સરકારે કરેલો ભાવવધારો જલદી પાછો ખેંચે.

**હૈદરાબાદ - જીતેન્દ્ર શાહ**

# ચીભડાંના ચોરને સજા અને જજને માનભેર વિદાય!

યે મેરા ઈન્ડિયા

વિનોદ પંડ્યા

નરેન્દ્રભાઈ મોદીની સરકારે ઘણો સિદ્ધિઓ હાંસલ કરી છે. ઘણાં અશકય કામો શકય બનાવ્યાં છે. 2014ના પ્રચારમાં એ બોલતાં કે અચ્છે દિન આનેવાલે હૈ. પરંતુ દેશમાં ભ્રષ્ટાચારની બાબતમાં આ વાકય ખોટું પડયું છે. જયાં ભાજપની રાજ્ય સરકારો છે ત્યાં પણ કોંગ્રેસે શરૂ કરેલી લાંચ-રૂશ્વતની સભ્યતા, સંસ્કૃતિને ભારતીય જનતા પક્ષની સરકારોએ સદાબહારના રૂપમાં ખીલવી છે. અમુક રાજયોમાં લોકો માગણી કરી રહ્યા છે કે કયાં કામ માટે કેટલા રૂપિયાની રૂશ્વત આપવાની રહેશે તેનું મેન્યુ કાર્ડ સરકાર જાહેર કરે. મહારાષ્ટ્રમાં નાસિકના ભોંદુ બાબા ઉર્ફે અશોક ખરાતનાં કાળાં કરતૂતો હમણાં બહાર આવ્યાં તેના પરથી પાકો ખ્યાલ મળે છે કે મહારાષ્ટ્ર સરકારના અમુક પ્રધાનો, અમુક ઉચ્ચ સ્તરના વહીવટીય અધિકારીઓ જર, જમીન અને જોરુ માટે અને એમના વડે રાજ્યના વહીવટને કેટલી હદે ગંદો બનાવી દીધો હતો. આ ત્રણેય જણસની સાટા પદ્ધતિ, આપ-લે વડે તેઓનાં જ અપ્રામાણિક હિતો સધાય તેની તેઓએ એક સરકીટ બનાવી હતી. મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગની અધ્યક્ષા રૂપાલી ચાકનકરનું નામ આ કાંડમાં સ્પષ્ટપણે બહાર આવ્યું, ખરડાયું અને રૂપાલીએ રાજીનામું આપવું પડયું.

આ કાંડ પણ ભ્રષ્ટાચાર અને સત્તા ટાળવાની સરકારની ઈચ્છાને કારણે બહાર આવ્યું નથી. જેમ માર્ગ પર થતાં અકસ્માતો અને દર વરસે લાખોનાં મરણ બાબતે કોઈ પણ સરકારને કશી પડી નથી તેમ ભ્રષ્ટાચાર, લાંચ, રૂશ્વત જાણે કે સરકાર પ્રજાને પ્રસન્નતા આપે છે. દેશમાં ભ્રષ્ટાચાર બાબતમાં કશું થઈ શકે તેમ નથી એવું કાયમ માટે પ્રસ્થાપિત કરવા બદલ અન્ના હઝારે જે કંઈ પણ સજા થાય, તે આ લોકમાં કે પરલોકમાં ઓછી ગણાશે. બ્રહ્મચર્યની વાતો કરનાર આ નપુંસકે દેશમાં કાયમ માટે ભ્રષ્ટાચાર ઘાલી દીધો છે. કેમ કયારેય કેજરીવાલ કે વર્તમાન સરકારો સામે અનશન પર ન ઊતર્યો. હઝારે એક ખાદીધારી ભોન્દુ બાબા પેદા થયો હતો એમ સમજીએ તો કશું ખોટું નથી.

કેવા કેવા કાંડો થયા એ જુઓ. અગાઉ નવી દિલ્હી વડી અદાલતના અને ત્યાર બાદ અલ્લાહાબાદ ટ્રાન્સફર કરાયેલા જજ યશવંત વર્માએ ગયા શુક્રવારે રાજીનામું આપ્યું. ગયા વરસે એમના નવી દિલ્હી ખાતેના રંગમહેલ સમાન સરકારી આવાસમાંથી કરોડો રૂપિયાનાં બંડલો અરધાં બળી ગયેલાં હાલતમાં મળ્યાં હતાં. એ વખતે પ્રજાએ નિષ્કર્ષ આપી દીધો હતો તેમ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સર્જાયેલું સૌથી મોટા ભ્રષ્ટાચારી કૌભાંડનું દિલ્હીમાં બેઠેલા નેતાઓએ ફીંડલું વાળી દીધું. હાઈકોર્ટના જજને ત્યાં કરોડો (અમુક અહેવાલો પ્રમાણે પંદર કરોડ હતા) રૂપિયામાં આગ લાગે અને તે વિષેની કોઈ ચોખવટ ન થાય, રાધર થઈ શકી નહીં, બધું ઢંકાઈ ગયું અને જસ્ટીસ વર્મા માત્ર રાજીનામું આપીને સતિ સાવિત્રીની માફક નિર્મલ પુરવાર થઈને જતો રહ્યો. આ રાષ્ટ્રદ્રોહનું પાપ છે અને તે દિલ્હીના નેતાઓએ સાગમટે મળીને આચર્યું છે. કૌભાંડ ઢંકાઈ ન રહે તે માટે કાયદામાં અનેક પ્રાવધાનો છે પરંતુ ન્યાયતંત્ર અને સરકારી તંત્રોએ, રાજકીય પક્ષોએ માત્ર ન્યાયાધીશો અને ન્યાયમૂર્તિઓના વિશેષાધિકારોના ઢોલ પીટ્યો અને એવો ખોટો દેખાવ કર્યો કે સરકારના અને અદાલતોના હાથ બંધાયેલા છે. અરે બાંધનારાઓ તમે પોતે જ છે.

વાસ્તવમાં જે ન્યાય વ્યવસ્થાના રખેવાળો છે. એમને વધુ આકરી સજા થવી જોઈએ. વર્મા પર મહાભિયોગ લાગુ પાડવાની વિધિ સંસદમાં ચાલવાની હતી તો વર્મા પાસે રાજીનામું આપવા સિવાય વિકલ્પ ન હતો. તેનો અર્થ એ થયો કે એ ગુનેગાર હતા. સરકારી કે પોલીસ તંત્રે હજી આખા મામલામાં પારદર્શિતા અપનાવી નથી. વાસ્તવમાં શું થયું હતું તે દેશમાં ટોચના અમુક લોકો જ જાણે છે.આ તે કેવી લોકશાહી? આ તે કેવા અચ્છે દિન જેમાં ચીભડાંના ચોરને શૂળીની સજા અને સામર્થ્યવાન ચોરને શિરપાવ? જસ્ટીસ વર્મા એવું શું જાણતા હતા કે બધાંનાં મોં સિવાઈ ગયાં? વાસ્તવમાં આ પ્રકારની જવાબદારી ઉત્તરદાયિત્વ ધરાવતાં લોકોને વધુ સજા થવી જોઈએ. ચાંદની ચોકમાં કે રામલીલા મેદાનમાં પ્રજાને આમંત્રીને વર્માને ફાંસીએ લટકાવવામાં આવે તો પણ એ હળવી સજા ગણાય. તેના બદલે ન્યાયમૂર્તિઓ બેશરમ બનીને ચેતવણીઓ અને ધમકીઓ આપે છે કે ખબરદાર, અદાલતોના ન્યાયમૂર્તિઓ વિશે ક્યાંય કશું લખ્યું તો?

આવતી કાલે કોઈ ન્યાયમૂર્તિ કોઈકનું ખૂન કરી નાખે તો પણ એમની પૂજા કરવાની! ન્યાયમૂર્તિઓના, ત્યાં સુધી કે એક સીજેઆઈના ભ્રષ્ટાચારનાં અનેક ઉદાહરણો છે, પણ લાટ સાહેબો વિરુધ્ધ કશું લખવાનું નહીં. વાસ્તવમાં એમણે સાથે મળીને કીર્તિ મેળવી છે. તેની ગાથાઓ પાઠ્યપુસ્તકોમાં ઘૂસી ગઈ એ હકીકત જાણીને તેઓનું માથું શરમથી ઝૂકી જવું જોઈએ. એક ગુજરાતથી ગયેલા ન્યાયમૂર્તિને ચુકાદો શું કહેવાય? ગુનો ક્યારે આચર્યો ગણાય? ઠપકો ક્યારે અને કેવી રીતે આપી શકાય તેની બિલકુલ ગતાગમ નથી. હકીકતમાં તો એ જજને પણ સંસદે ઈમ્પીચમેન્ટ દ્વારા વિદાય આપવી જોઈએ. કોઈ વાતનો પણ નિવેડો આવતો નથી. કરોડોની નોટોની માફક બધું અરધું દાઝેલું (અર્ધદગ્ધ) રહે છે. પ્રજાને પણ કોઈ વાતનો મલાલ રહ્યો નથી. હોય તો પણ શું કરે? ખાલી ખોપરીના રાહુલને લઈ આવે? કોંગ્રેસના હાથ પણ અજ્ઞાત કારણોસર બંધાયેલા છે. અન્યથા વર્માનો વિરોધ કરે કે નહીં?

> **વાસ્તવમાં જે ન્યાય વ્યવસ્થાના રખેવાળો છે. એમને વધુ આકરી સજા થવી જોઈએ. વર્મા પર મહાભિયોગ લાગુ પાડવાની વિધિ સંસદમાં ચાલવાની હતી તો વર્મા પાસે રાજીનામું આપવા સિવાય વિકલ્પ ન હતો**

વર્માએ ભલે રાજીનામું આપ્યું છતાં એના પર મહાભિયોગ, ઈમ્પીચમેન્ટ લાગુ પાડવો જોઈએ જેથી એનાં નામ અને કામ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કોલસાથી લખાયેલાં રહે. જે નોટો કોલસો બની ગઈ તેની શાહી બનાવીને લખાવું જોઈએ. એણે ગુનો કર્યો છે તેમ સંસદ માનતી હોય તો હજી પણ પાકી તપાસ અને સામાન્ય નાગરિક સામે થાય એવી પોલીસ કાર્યવાહી થવી જોઈએ.

પ્રજા જાણતી નથી કે ભ્રષ્ટાચારે દેશને કેટલી હદે નિચોડી રાખ્યો છે! કરોડો, અબજોની બાંધકામો પત્તાંના મહેલની જેમ તૂટી પડે છે. પૂલો આત્મહત્યાઓ કરે છે. જો ખૂબ જરૂરી ન હોય તો લોકો રાશનકાર્ડ કઢાવવા પણ જતા નથી. ત્યાં અધિકારીઓ હજારો માંગે છે. હમણાં પંઢરપુર, મહારાષ્ટ્રમાં એક શરમજનક ( પ્રજા માટે શરમજનક, નેતાઓ માટે નહીં ) ઘટના ઘટી. ખેતીની જમીનની નોંધણી/ માપણી સહકાર દ્વારા ઝડપથી હાથ ધરાય તે માટે સહકાર દ્વારા અમુક રકમ ખાતેદાર પાસેથી એડવાન્સમાં વસુલ કરાય છે. એક ખેડૂતે તે રકમ ભરી દીધી પછી છ મહિના જેટલો સમય થયો તો પણ નોંધણી/ માપણી માટે કોઈ આવ્યું નથી. અધિકારીઓને રૂશ્વત જોઈતી હતી. એવો સંબંધિતોનો દાવો છે. ત્યાર બાદ એ અરજદાર અમરજીત પાટીલે મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી ચન્દ્રશેખર બાવનકુળેને એક કોરો ચેક મોકલી આપ્યો છે. સાથે એણે લખ્યું છે કે,'' ક્યા સરકારી કામ માટે કેટલા રૂપિયાની લાંચ આપવી તે અમે જાણતા નથી.

સરકારે એક સત્તાવાર કાર્ડ બહાર પાડીને રૂશ્વતના ભાવ જાહેર કરવા જોઈએ. તેમ થયું નથી એટલે આ સાથે કોરો ચેક મોકલ્યો છે. તેના વડે રૂશ્વતની રકમ બેંકમાંથી વીથડ્રો કરી કામ કરી આપવા વિનંતી''. આ ચેક સાથેની અરજી એક ટિખળી હોઈ શકે, પણ એ સત્યની, કરુણતાની ટિખળ છે. એમણે સત્તાવાર ભરવાની થતી 24 હજાર રૂપિયાની રકમ સપ્ટેમ્બર 2025માં ભરી દીધી હતી. ઓનલાઈન થવાથી ભ્રષ્ટાચાર ઘટ્યો છે. એવો દાવો થાય છે. તે ખોટો પડ્યો છે.

મોદી સરકારે કાશ્મીર સમસ્યા, પાકિસ્તાની ત્રાસવાદ , નકસલવાદ, મહિલાઓને સંસદ અને વિધાન - સભાઓમાં આરક્ષણ, ટ્રીપલ તલ્લાક વગેરે મુદ્દાઓ પર ખૂબ જ સ્તુત્ય અને મહત્ત્વના નિર્ણયો લીધા છે, કાર્યો પાર પાડ્યા છે. પરંતુ ખરો પડકાર ભ્રષ્ટાચારનિર્મૂલનનો છે. જેનો ઈન્દિરા ગાંધી પણ ઉકેલ લાવી શક્યા હતા અને એમનાં કામચોર સંતાનોએ ભ્રષ્ટાચારના નાણાં વડે રાજાશાહી તાગડધિન્ના કર્યા છે અને હજી કરે છે. જો નરેન્દ્રભાઈ ભ્રષ્ટાચારની સંસ્કૃતિને નાથવામાં સફળ થશે તો દેશ હજારો વરસ સુધી એમની છબિને પૂજશે. બાય ધ વે, દાદર શાક મારકેટમાં એક ફેરિયા પાસેથી પાંચ રૂપિયાનો હપ્તો સ્વીકારનાર પોલીસ કોન્સ્ટેબલની નોકરી ગઈ અને બે વરસની કેદની સજા થઈ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.